**વટવા પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર**

ફોનનં.-૦૭૯-૨૫૭૧૦૦૭૪/૯૬૩૮૪૭૧૦૬૬

Email ;- polstn-vatva-ahd@gujarat.gov.in

પોલીસ કંટ્રોલરૂમ ટેલીફોન નંબર-૦૭૯-૨૫૬૨૭૫૧૦

---

# -* સારી કામગીરી *-

## વટવાના "લુંટ વિથ મર્ડર"ના કેસમાં ગણતરીના કલાકોમાં આરોપીઓને ઝડપી પાડતી વટવા પોલીસ

વટવા પોલીસ સ્ટેશન ખાતે ગત તારીખ ૨૦/૧૦/૨૦૧૯ ના રોજ નોંધાયેલ લુંટ વિથ મર્ડરની ફરિયાદના કામે હકિકત એવી છે કે આ કામના ફરિયાદી મોહસીન સ/ઓ ઈમામુદ્દીન જાતે-રંગરેજ ઉવ. રહે-એ/૧૫ અલકુબા સોસાયટી કેનાલ રોડ વટવા અમદાવાદ શહેર નાઓના નાના ભાઈ જાવેદ સ/ઓ ઈમામુદ્દીન રંગરેજ ઉવ.૧૮ રહે-સદર નાઓ તેના મિત્ર મુબીનની કરિયાણાની દુકાન પાસે ઉભા હતા દરમ્યાન શાહરુખ ઉર્ફે જલેલી રંગરેજ તથા તેનો ભાઈ શોએબ રંગરેજ એ આવી કહેલ કે "તેરે પાસ જો હે વો દે દે" એમ કહી આ શોએબે જાવેદને પકડેલ અને શાહરુખ ઉર્ફે જલેલીએ છરીનો ઘા મારી જાવેદના ખિસ્સામાંથી રુપિયા સાડા ત્રણસો કાઢી લઈ જાવેદનું મોત નિપજાવી નાસી ગયેલ હોય વિગેરે હકિકત ફરિયાદી કહેતા વટવા પો.સ્ટે. ખાતે ફર્સ્ટ ગુરનં. ૧૨૨/૨૦૧૯ ધી ઈપીકો કલમ- ૩૦૨, ૩૯૭, ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ- ૧૩૫(૧) મુજબનો ગુનો નોંધી આ લુંટ વિથ મર્ડરનો ગુનો ગંભીર પ્રકારનો

સારી કામગીરી

અતિસંવેદનશીલ શ્રેણીમાં આવતો હોય તાત્કાલિક ઉપરી અધિકારીઓને જાણ કરવામાં આવેલ જેથી મે.પોલીસ કમિશ્નર શ્રી એ.કે.સિંઘ સાહેબ અમદાવાદ શહેરનાઓ તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી નિપુણા તોરવણે સાહેબની સુચના આધારે તેમજ નાયબ પોલીસ કમિશ્નર શ્રી બિપીન અહિરે સાહેબ ઝોન-૬ તથા મદદનીશ પોલીસ કમિ. શ્રી આર.બી. રાણા

સાહેબ જે-ડીવીઝન અમદાવાદ શહેરનાઓએ આરોપીઓને તાત્કાલિક ઝડપી પાડવાના મૌખિક સુચના કરવામાં આવેલ જેથી વટવા પોલીસ સ્ટેશનના સિનીયર પોલીસ ઈન્સપેક્ટર એચ.વી.સીસારા નાઓએ તાત્કાલિક અલગ અલગ ટીમો બનાવી આરોપીઓને પકડવા ચક્રો ગતિમાન કરવામાં આવેલ તેમજ બનાવેલી ટીમોને ટેકનિકલ સોર્સ તથા હ્યુમન સોર્સ આધારે “લુંટ વિથ મર્ડર” ના આરોપીઓ (૧) શોએબ સ/ઓ જુમ્મનભાઈ જાતે-રંગરેજ તથા (૨) શાહરુખ ઉર્ફે જલેલી સ/ઓ જુમ્મનભાઈ જાતે-રંગરેજ નાઓને પકડી તાત્કાલિક અમારી સમક્ષ રજુ કરવા મૌખિક સુચના કરવામાં આવેલ જેમાં વટવા પો.સ્ટે. પો.ઈન્સ. એચ.વી.સીસારા નાઓને ખાનગી રાહે બાતમી હકિકત મળેલ કે આ ગુનાના આરોપીઓ શોએબ રંગરેજ તથા શાહરુખ ઉર્ફે જલેલી રંગરેજ કે જેઓ બન્ને રાજસ્થાન અજમેર ભાગી જવાની પેરવીમાં છે જે નાસી જાય તે પહેલા જ બન્ને આરોપીઓ ગેબનશાહ પીર કેનાલ પાસેથી પસાર થનાર હોય જે બાતમી આધારે વટવા પો.સ્ટે. પો.ઈન્સ. એચ.વી.સીસારા તથા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઈન્સ. પી.કે.ગઢવી નાઓ તથા સ્ટાફના માણસોએ “લુંટ વિથ મર્ડર” ના આ ખુંખાર અને અગાઉ પણ શરીરસબંધી ગુનાઓ કરવાની ટેવવાળા હોય જે ખુબ જ ગુન્હાહિત માનસિકતા ધરાવતા હોય

જેઓને ટેક્નિકલ સોર્સ તથા હ્યુમન સોર્સ આધારે ગણતરીના કલાકોમાં બન્ને આરોપીઓ (૧) શબ્બીર ઉર્ફે શોએબ સ/ઓ જુમ્મનભાઈ જાતે-રંગરેજ ઉવ.૨૬ તથા (૨) શાહરુખ ઉર્ફે જલેલી સ/ઓ જુમ્મનભાઈ જાતે-રંગરેજ ઉવ.૨૨ રહે- મ.નં.૨૬, શાહેઆલમ નગર અલકુબાસોસાયટીની બાજુમાં સદાની ધાબી નંદીશ સ્કુલની પાછળ વટવા અમદાવાદ શહેર નાઓને ગેબનશાહ પીર કેનાલ પાસેથી પકડીને તા.૨૧/૧૦/૨૦૧૯ ના કલાક ૨૦/૦૦ વાગે પકડી અટક કરવામાં આવેલ છે અને સદરી આરોપીઓ પાસેથી મરણજનાર જાવેદના ખિસ્સામાંથી કાઢી લીધેલ નાણાં તથા આરોપીનો એક મોબાઈલ ફોન જે મોબાઈલ ગુનાના કામે કબ્જે કરવામાં આવેલ છે તેમજ સદર ગુનામાં તે અંગે પુછપરછ કરવાની બાકી હોય આગળની વધુ તપાસ જારી છે.

સારી કામગીરી

⇨ **શબ્બીર ઉર્ફે શોએબ સ/ઓ જુમ્મનભાઈ જાતે–રંગરેજ નો ગુન્હાહિત ઈતિહાસ**

(૧) ઈસનપુર પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૭૪/૨૦૦૯ ધી ઈપીકો કલમ– ૩૯૨ તથા જીપી એક્ટ કલમ– ૧૩૫(૧) મુજબ

(૨) રખિયાલ પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૯૨/૨૦૧૩ ધી ઈપીકો કલમ– ૩૬૫. ૩૨૪. ૩૨૩. ૧૧૪ તથા જીપી એક્ટ કલમ– ૧૩૫(૧) મુજબ

(૩) ગાયકવાડ હવેલી પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૨૦/૨૦૧૫ ધી ઈપીકો કલમ– ૩૯૩ તથા જીપી એક્ટ કલમ– ૧૩૫(૧) મુજબ

(૪) વટવા પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૬૨/૨૦૧૬ ધી ઈપીકો કલમ– ૩૨૪. ૩૩૨. ૧૪૩. ૧૪૭. ૧૪૮. ૫૦૬(૨) તથા જીપી એક્ટ કલમ– ૧૩૫(૧) મુજબ

પીસીબી/ડીટેઈન/પાસા/૨૭૭/૨૦૧૬ તા.૦૩/૦૫/૨૦૧૬

⇨ **શાહરુખ ઉર્ફે જલેલી સ/ઓ જુમ્મનભાઈ જાતે–રંગરેજ નો ગુન્હાહિત ઈતિહાસ**

(૧) વટવા પો.સ્ટે. સેકન્ડ ગુરનં. ૩૬૦૮/૨૦૧૩ ધી ઈપીકો કલમ– ૩૨૩. ૨૯૪(ખ). ૫૦૬(૨). તથા જીપી એક્ટ કલમ– ૧૩૫(૧) મુજબ

(૨) વટવા પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૩૬૫/૨૦૧૪ ધી ઈપીકો કલમ– ૩૨૬. તથા જીપી એક્ટ કલમ– ૧૩૫(૧) મુજબ

(૩) વટવા પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૬૨/૨૦૧૬ ધી ઈપીકો કલમ– ૩૨૪. ૩૩૨. ૧૪૩. ૧૪૭. ૧૪૮. ૫૦૬(૨) તથા જીપી એક્ટ કલમ– ૧૩૫(૧) મુજબ

(૪) વટવા પો.સ્ટે. ફર્સ્ટ ગુરનં. ૯૭/૨૦૧૬ ધી ઈપીકો કલમ– ૩૨૬. ૨૯૪(ખ). ૧૧૪ તથા જીપી એક્ટ કલમ– ૧૩૫(૧) મુજબ

(૫) વટવા પો.સ્ટે. સેકન્ડ ગુરનં. ૩૧૯૩/૨૦૧૬ ધી જીપી એક્ટ કલમ– ૧૪૨ મુ.

(૬) વટવા પો.સ્ટે. સેકન્ડ ગુરનં. ૩૨૬૮/૨૦૧૬ ધી જીપી એક્ટ કલમ– ૧૪૨ મુ.

પીસીબી/ડીટેઈન/પાસા/૪૧૭/૨૦૧૬ તા.૦૪/૦૭/૨૦૧૬

તડીપાર થયેલ: પીસીબી/હદપ/૧૬૬/૨૦૧૫ તા.૨૭/૧૧/૨૦૧૫

